Vol. 3, Issue: 6, June : 2015
(IJRSML) ISSN: 2321 - 2853

# પુસ્તક પસંદગી અને પુસ્તક પસંદગીના સિદ્ધાંતો

ડૉ. ફાલ્ગુનીબેન જી. પ્રજાપતિ
ગ્રંથપાલ, (M.COM, M.L.I.SC., PH.D)
એન. પી. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ,પાલનપુર

પુસ્તકો ગ્રંથાલયની સેવાનો આધારસ્તંભ છે. પુસ્તકો જ્ઞાનની વૃદ્ધિ કરે છે. ઉપભોકતાઓના ઉપયોગ માટે વાચનસામગ્રીનો સંગ્રહ કરવામાં આવે છે પ્રત્યેક ગ્રંથાલયે પોતાની સ્થાપનાના ધ્યેયો નજર સમક્ષ રાખીને વાચનસામગ્રીની પસંદગી કરે છે. કોઈપણ ગ્રંથાલયનો ઉદ્દેશ એ હોય છે કે તેના ગ્રંથાલયમાં આવતા વાચકોને યોગ્ય પુસ્તક યોગ્ય સમયમાં મળી રહે અને તે ત્યારે જ શકય બને જયારે વાચનસામગ્રીની યોગ્ય પસંદગી કરેલ હોય.

## ૧. પુસ્તક પસંદગીની વ્યાખ્યા

‘‘પુસ્તક પસંદગી એક જટિલ અને જવાબદારી પૂર્ણ કાર્ય છે, ગંભીર અવલોકન અને સતત પ્રયત્નથી જ તેમાં સફળતા મળી શકે છે.’’

– **સેયર્સ**

"Lester E. Ashein, The Humanities and the library problems in the Interpretation, Evaluation and use of library Materials. chicago : American library Assiciation, 1957. University of Micro Films International.

– Lester E. Ashein

## ૨. પુસ્તક પસંદગીના સિદ્ધાંતો

ગ્રંથાલયમાં જે કોઈ કાર્ય કરવામાં આવે છે તે નિશ્ચિત સિદ્ધાંતો ઉપર આધારિત હોય છે. પુસ્તકોની પસંદગી એ પણ નિશ્ચિત સિદ્ધાંતો પર આધારિત છે. એમ.કે.ડૂરી એ ઈ.સ.૧૯૩૦માં એક સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો હતો. જે અનુસાર "To Provide the right time." આ સિદ્ધાંત ૮૨ વર્ષ જેટલો જૂનો છે. પરંતુ તે પુસ્તક પસંદગી માટે સર્વોતમ સિદ્ધાંત માનવામાં આવે છે. (અંસારી ૧૮૯) આ સિદ્ધાંત પુસ્તક પસંદગી કાર્ય માટે પથદર્શક બની રહે છે. ગ્રંથપાલમાં પુસ્તક પસંદગી સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ. કેટલાક વિદ્વાનોએ પુસ્તક પસંદગી માટે નીચે મુજબના સિદ્ધાંતો દર્શાવ્યા છે જે નીચે પ્રમાણે છે.

### ૧. મેલવિલ ડયૂઈ (Melvil Dewey)નો સિદ્ધાંત

Melvil Dewey એ અર્થાત્ સર્વોતક પુસ્તકો વધુ વાચકો માટે ન્યૂનતમ મૂલ્યો પર ઉપલબ્ધ કરાવી આપવા. જો સિદ્ધાંત આધારે જેમાં નીચેની ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

"The best book for the laegest number at the least cost."

૧. ઉત્તમ પુસ્તકો (Best book)
૨. મહત્તમ વાચકો (Largest mumber)
૩. ઓછી કિંમત (Least cost)

**ઉત્તમ પુસ્તકો (Best book)**

ઉત્તમ પુસ્તકોનો અર્થ છે કે તે વાચકોની અભિરુચિને અનુરૂપ હોય, જે વાચકોની વધુ સંખ્યાને સંતુષ્ટ કરી શકે. સર્વોતમ પુસ્તકનો સૌથી મોટો માનક તેનો વાચક છે. Best book નું તાત્પર્ય એવાં પુસ્તકો છે જે જ્ઞાન, શોધ, શિક્ષણ, મનોરંજન વગેરે વર્ધક હોય. સી.એ.કટરના મત અનુસાર ‘‘ઉત્તમ પુસ્તકો ગ્રંથપાલ અથવા પસંદગી સમિતિની માંગ અને જરૂરિયાતોને પૂરી કરવા માટે ખરીદવામાં આવતાં નથી પરંતુ ઉત્તમ પુસ્તક એ છે જે વાચકોને મનોરંજન, જ્ઞાનમાં વિકાસ તથા અભ્યાસ માટેની માંગોને સંતૃષ્ટ કરવા ખરીદવામાં આવે.’’

**મહત્તમ વાચકો**

સામાન્યતઃ પસંદગીયુકત પુસ્તકોની માંગ વધુ હોય છે. પુસ્તકોની પસંદગી કરતી વખતે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ગ્રંથાલયનાં જે નાણાંનો સદપયોગ થાય. એ ત્યારે જ શકય બની શકે જયારે પુસ્તક પસંદગી કરતી વખતે વધુ વાચકોની માંગ,રુચિ અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખવામાં આવે. ઉત્તમ પ્રકારના પુસ્તકોની પસંદગી કરવામાં આવે કે જેનાથી વધુમાં વધુ પુસ્તકોનો ઉપયોગ થાય.

**ઓછી કિંમત**

ઓછી કિંમત તથા ઓછો ખર્ચનો આશય એ જ હોય છે કે સીમિત સાધનોની મર્યાદામાં સર્વોતમ પુસ્તકો વસાવવાં જોઈએ. શકય હોય તો ઓછી કિંમતોમાં ઉત્તમ પુસ્તકોની ખરીદી કરવી જોઈએ. ગ્રંથાલયોમાં આવતું અનુદાન મર્યાદિત હોય છે. તેથી મર્યાદિત સાધનોની જ ખરીદી કરવી જોઈએ. તે માટે પુસ્તકોની માંગનું સર્વેક્ષણ કરવું જોઈએ.

**૨. એફ.કે.ડબલ્યૂ. ડૂરીનો સિદ્ધાંત (F.K.W. Dewey)**

Dewey એ ઈ.સ. ૧૭૩૦માં પુસ્તક પસંદગીના સિદ્ધાંતો આપ્યા હતા. જે નીચે મુજબ છે.

- પુસ્તક પસંદગી કરતી વખતે ગ્રંથાલય બજેટને ધ્યાનમાં રાખવું જોઈએ.
- એવાં પુસ્તકોને ગ્રંથાલયમાંથી દુર કરી દેવાં જોઈએ જેને વર્તમાન સમયમાં કે ભવિષ્યમાં કોઈ મહત્વ ન હોય.
- પુસ્તક પસંદગી કરતી વખતે સકારાત્મક વિચાર રાખવો જોઈએ.
- પ્રામાણિક ગદ્ય સાહિત્ય પ્રત્યે અસહિષ્ણુતા ન દાખવવી જોઈએ.
- વધુ ભાગોવાળા પુસ્તકોના બધા જ ભાગો ખરીદવા જરૂરી નથી.
- કોઈપણ વિષય પર સર્વશ્રેષ્ઠ પુસ્તકોને પ્રાપ્ત કરવાનો લક્ષ્ય નિર્ધારિત કરવો જોઈએ.
- પ્રશિષ્ટ તથા પ્રામાણિક પુસ્તકો સંગ્રહિત કરવા જોઈએ.
- સ્થાનિક ઈતિહાસ સંબંધિત સાહિત્યનો સંગ્રહ કરવો જ જોઈએ.
- એવા પુસ્તકોની પસંદગી કરવી જોઈએ જેના આકાર પ્રકારની સાથે સાથે વિષયવસ્તુ ગ્રંથાલયના ઉદ્દેશને અનુરૂપ હોય.
- વર્તમાન વાચકો ઉપરાંત ભવિષ્યમાં આવનાર વાચકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખવી જોઈએ.
- પુસ્તકોનું યોગ્ય મૂલ્યાંકન કરવા માટે યોગ્ય માનાંક બનાવવા જોઈએ.
- પુસ્તક પસંદગી વિશેષજ્ઞો અને અભ્યાસુઓને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ. (Qtd in mishra and naim, 209/210)

**૩. બી.એમ.હેડીકાર (Headicar)નો સિદ્ધાંત**

B.M.Headicar એ "A Manual of Library organization, ૧૯૧૧ માં પુસ્તક પસંદગી સંબંધિત સિદ્ધાંતો નીચે મુજબ દર્શાવ્યા છે.

### સમાજની લાક્ષણિકતાઓ

સમાજના લોકોની વિશેષતાઓ અને તેમની જરૂરિયાતો શું છે ? એવા બધા જ પ્રશ્નોને ધ્યાનમાં રાખી પુસ્તક પસંદગી કરવી જોઈએ અને તે ત્યારે જ શકય બને છે જયારે ત્યાંના લોકોથી અને તેમની જરૂરિયાતની માહિતીનું સર્વેક્ષણ કરી પુસ્તક પસંદગી યોગ્ય કરી શકાય.

### શિક્ષણનું સ્તર

પુસ્તક પસંદગીમાં વાચકોનાં શિક્ષણસ્તરને ધ્યાનમાં રાખવું જરૂરી છે. આતથ્ય પુસ્તક પસંદગીનું વિશેષ મહત્વ ગણાવ્યું છે. એટલે કે જે જનસમુદાયે ઓછુ શિક્ષણ પ્રાપ્ત કર્યુ હોય ત્યાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રની વાચનસામગ્રીનો શું ઉપયોગ ? તેથી જે પ્રકારનું શિક્ષણ સ્તર હોય તે જ પ્રકારના વાચકો માટે પુસ્તકોની પસંદગી કરવી યોગ્ય ગણાય.

### વ્યવસાય

માનવીય વ્યવસાય પણ પુસ્તક પસંદગીને પ્રભાવિત કરે છે એટલે કે ઉપભોકતા વર્ગ જે વ્યવસાયનો હોય ઉદાહરણ તરીકે કૃષિ, મેનેજમેન્ટ, ઔદ્યોગિક, સાહિત્ય, વેપાર, એન્જિનિયરીંગ, શિક્ષણ વગેરેનો હોય તો ગ્રંથાલયમાં પુસ્તક પસંદગી જે તે વ્યવસાયોને ધ્યાનમાં રાખી કરવાથી લાભકારક બની રહે છે.

### વાચકોની માંગ

પુસ્તક પસંદગી કરતી વખતે વાચકોની માંગને નજરમાં રાખવી આવશ્યક છે. આમ છતાં, વાચકોની માંગ ઉપરાત હોય તે જરૂરી છે. ઉદાહરણ તરીકે કોલેજ જે યુનિવર્સિટી ગ્રંથાલયોની માર્ગદર્શિકાઓ (Guide) ની માંગ દર્શાવે તો તે સ્વીકારી ન શકાય. અર્થાત કોઈ વિષયની ગાઈડ (પ્રશ્ન–ઉત્તરોવાળા પુસ્તકો) વસાવવા ન જોઈએ. શૈક્ષણિક સંદર્ભમાં પુસ્તકોની પસંદગી કરતી વખતે સંબંધિત ઉપયોગમાં નિયત કરવામાં આવેલ અભ્યાસક્રમ ધ્યાને લેવા જોઈએ.

### સાહિત્યનું સ્તર

ઔચિત્યપૂર્ણ માંગ અનુસાર સાહિત્યનું સંકલન કરવું જોઈએ જેથી વાચકોની રુચિને વધારી શકાય તથા તેમને વાચન માટે પ્રોત્સાહિત કરી શકાય. નવલકથાઓ, નવલિકાઓ, મેનેજમેન્ટ સ્કૂલ્સના વાચકો માટે કંપનીઓને લગતાં પુસ્તકો વગેરેની પસંદગી પણ કરવી રહી.

### નિષ્પક્ષ પસંદગી

પુસ્તક પસંદગી નિષ્પક્ષ હોવી જોઈએ. પસંદગી ધર્મ જાતિ, પૂર્વગ્રહ અથવા રાજનીતિથી પ્રભાવિત ન હોવી જોઈએ. અર્થાત્ પુસ્તક પસંદગીમાં રાજકીય પક્ષોની રીતિ નીતિને ધ્યાને લીધા સિવાય પુસ્તકની ગુણવત્તાને ધ્યાનમાં રાખવી જોઈએ.

## ૪. હેઈન્સ (Haines) નો સિદ્ધાંત

Haines, Helen E એ 'Living with Books' માં પુસ્તક પસંદગીની કળા the art of Book Selection વિશે જણાવ્યું છે.

- જાહેર જીવનનો અભ્યાસ કરી તેમના સામાન્ય હેતુઓ, વિશિષ્ટ હેતુઓ તેમનું મુખ્ય કાર્યક્ષેત્ર તેમજ જાતીય તત્ત્વો અને સાંસ્કૃતિક જીવનમૂલ્યને ઓળખી પુસ્તક પસંદગી કરવી જોઈએ.
- સ્થાનિક, રાષ્ટ્રીય અને સામાન્ય તેમજ અદ્યતન વિષયરસનાં પુસ્તકોનો પરિચય મેળવી પુસ્તક પસંદગી કરવી.
- જેમની પ્રવૃત્તિ કે રસને પુસ્તક સાથે સંબંધ છે એટલે કે જેઓ વાચનની અભિરુચિ દાખવે છે તેવા સંગઠિત દરેક જૂઠને ઉપયોગી થાય તેવા પુસ્તકોની પસંદગી કરી ગ્રંથાલયમાં વસાવવા જોઈએ.
- શિક્ષકો, લેખકો, વિદ્યાર્થીઓ અને વિદ્વાનો પુસ્તકનો ઉપયોગ મોટા પ્રમાણમાં કરતા હોય છે તેથી વિશિષ્ટ વિષયના જાણકાર માટે કે એવા પ્રકારનાં વાચકો માટે તેમજ જાહેર જીવન તથા સમાજને લાભ થાય તેવા પુસ્તકની પસંદગી કરવી રહી.

- પુસ્તક પસંદગીના કાર્યમાં માંગ જો કે મુખ્યત્વે કારણરૂપ હોવા છતાં એ ધ્યાનમાં રાખવું જોઈએ કે સાહિત્યના મહાન ગ્રંથો કોઈપણ ગ્રંથાલયમાં પાયારૂપ સાહિત્ય છે અને તેથી તેવા ગ્રંથોનો ઉપયોગ થતો હોય કે ન પણ થતો હોય તેમ છતાં આજીવન મૂલ્ય ધરાવતા પ્રશિષ્ટ ગ્રંથોને ગ્રંથાલયમાં અગ્રિમ પસંદગી આપવી જોઈએ.

**૫. મેકકોલ્વિનનો સિદ્ધાંત (Mccolvin)**

Mccolvin, Lionel R એ 'Theory of Book Selection or Public Libraries' (૧૯૩૫) માં પુસ્તક પસંદગી માટે સામાજિક માંગો તથા માંગના સિદ્ધાંત (Demand Theory)ને ધ્યાનમાં રાખવા જણાવ્યું છે. વાચનસામગ્રી પસંદગીની માંગ તથા પૂર્તિના સિદ્ધાંત ઈ.સ.૧૯૨૫માં આપ્યો. તેમણે જણાવ્યું કે પુસ્તકોનું કોઈ મૂલ્ય નથી જયાં સુધી તેની કોઈ માંગ ન હોય તે ફકત સફેદ કાગળ ઉપર છપાયેલ અક્ષર હોય છે. પુસ્તક પસંદગી વધારે માંગ ઉપર આધારિત હોય છે. પુસ્તક પસંદગી એ સરળ નહી પરંતુ જટિલ કાર્ય છે. તેથી પુસ્તક પસંદગી વધારે માંગની નજીક કરવામાં આવશે તેટલી સારી પસંદગી કરી શકાશે. મેડકોલિવનને માંગને ત્રણ પક્ષમાં દર્શાવી છે.

- માંગની માત્રા (Volume of Demand)
- માંગનું મહત્વ (Value of Demand)
- માંગમાં વિવિધતા (Variety of Demand)

**૩. સમાપન**

પ્રતિવર્ષે લાખોની સંખ્યામાં પુસ્તકો પ્રકાશિત થતાં હોય છે તેથી પુસ્તકોની પસંદગી કરવી એ જટિલ કાર્ય બની રહ્યું છે. પુસ્તક પસંદગી કરતી વખતે Melvin Dewey દ્વારા પ્રવૃત્ત પુસ્તક પસંદગીનું સૂત્ર ધ્યાનમાં રાખવું જોઈએ. પસંદગીકર્તા માટે એ જરૂરી બની રહે છે તે યોગ્ય અને અયોગ્ય પુસ્તકોનો તફાવત સમજી શકે. આ પ્રકારના અભ્યાસને ગ્રંથાલયની દુનિયામાં પુસ્તક પસંદગીનું નામ આપવામાં આવ્યું છે.

**સંદર્ભસૂચિ**

૧. Evans, Edward. (2004). Developing Library and Information Centre Collections. Green Wood Villege: Libraries Unlimited.

૨. Faruqi, Khalid Kamal ed. (1997). Development of Collection in the Libraries. New Delhi : Anmol Publications.

૩. अंसारी, एम. एम. (2005). पुस्तकालय संगठन एवं प्रबन्ध. वाराणसी : कला प्रकाशन